# તળાવ ખોદવાનો કોન્ટ્રાક્ટ રદ કરાવવા કલેક્ટરનું શરણું

**માટી** ખોદનારાઓ રૂપિયા 2 હજાર પ્રતિ ટ્રક માટી બહાર વેંચે છે અને ગ્રામ પંચાયતમાં પૈસા જમા કરાવતા નથી

**આસ્મા** ગામના લોકોએ તળાવ ખોદવા માટે પાણી કાઢી નંખાયું હોવાની પણ આવેદનપત્રમાં ફરિયાદ

વલસાડ : પારડી તાલુકાના આસ્મા ગામે માટી કાઢવા માટે પાણી ખાલી કરી દેવાતા ગામ લોકોએ તેમને માટીખનન કરતા અટકાવ્યા હતા. આસ્માના ગામલોકો મંગળવારે વલસાડ કલેક્ટર કચેરીએ પહોંચીને આવેદનપત્ર આપીને કોન્ટ્રાક્ટને રદ કરવા માગ કરી હતી.

પારડી તાલુકાના આસ્મા ગામે આજરોજ મંગળવારે વલસાડ જિલ્લા કલેક્ટરને કેટલાક આક્ષેપ સાથે રજૂઆત કરી હતી તેમાં જણાવ્યું હતું કે, તેમના ગામનું તળાવ પ્રેમ એન્ટર પ્રાઇઝને ખોદકામ માટે આપ્યું હતુ. એ સમયે તેમાં પાણી હતુ. જેના કારણે તેમણે પાણી કાઢી નાખ્યું હોવાનો ગામ લોકોએ આક્ષેપ કર્યો હતો. આ સંદર્ભે તેમના વિરૂદ્ધ તલાટી કમ મંત્રીને ગત 27 જાન્યૂઆરી 2025 ના રોજ લેખિત ફરિયાદ કરાઇ હતી. તેમ છતાં તેમના દ્વારા કોઇ પણ જવાબ અપાયો ન હતો. આ જવાબ ન અપાતાં મામલો ગરમાયો હતો. આ દરમિયાન પ્રેમ એન્ટર પ્રાઇઝના સાધનો માટીખનન માટે ગામમાં પહોંચ્યા હતા. ત્યારે ગામ લોકોએ અટકાવ્યા હતા. તેમ છતાં તેઓ માન્યા ન હતા. તેમણે માટી કાઢવા માટે કોન્ટ્રાક્ટ કરાયો હોવાનું પણ જણાવતાં આજરોજ ગામના લોકો જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને તેમની સરપંચ સાથેની કથિત મિલિભગત સંદર્ભે ફરિયાદ કરી હતી. જેમાં તેમણે આક્ષેપ કરતા જણાવ્યું કે, કોન્ટ્રાક્ટરો રૂપિયા 2 હજાર પ્રતિ ટ્રક માટી વેંચે છે અને તે પણ ગામની બહાર આ માટીખનન કરનારા યોગ્ય પૈસા જમા કરાવતા નથી. ત્યારે ગ્રામ પંચાયતને વધુમાં વધુ ફાયદો થાય એ રીતે નવો કોન્ટ્રાક્ટ બનાવાય એ જરૂરી છે. કોન્ટ્રાક્ટરો કરોડો રૂપિયાની માટી ખોદી જાય છે અને ગ્રામ પંચાયતને માત્ર એકથી રૂપિયા 2 લાખ જેટલી નજીવી રકમ આપતા હોય છે. જેની સામે ભારે વિરોધ ઉઠ્યો છે.

## વલસાડમાં ભદેલી ગામમાં તળાવ ખાલી કરાતા હોબાળો

વલસાડ : વલસાડમાં ઉનાળામાં પાણીની ભારે તંગી ચાલી રહી છે. ત્યારે જિલ્લામાં માટી માફિયાઓ બેફામ બન્યા છે. જેમાં વલસાડના ફણસવાડા ગામ, ઉંટડી ગામ, વાસણ ગામ, અને હાલ પારડીના આસ્મા ગામે માટી ચોરીનો વિરોધ ચાલી રહ્યો છે. આ વિરોધ વચ્ચે આજરોજ વલસાડના ભદેલી ગામ પણ તળાવ ખાલી કરવા માટી ખોદકામનો કોન્ટ્રાક્ટ મેળવનારે મોટી મોટર મુકતાં મામલો ગરમાયો હતો અને તેને પાણી કાઢતા અટકાવ્યા હતા. વલસાડના ભદેલી ગામે આવેલું શિત તળાવ હાલ પાણીથી છલોછલ છે. આ તળાવમાંથી માટી ખોદકામ માટે કોન્ટ્રાક્ટ મેળવનારને માટી ઉલેચી રોકડી કરવાની લાલચ આવતા તેણે આ ભરેલું તળાવ ખાલી કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. ગત વર્ષે પણ ભદેલી તળાવ ખાલી કરવાના મુદ્દે ભારે વિવાદ ઉઠ્યો હતો. આ વર્ષે ફરીથી માટી માફિયાઓ માટી ઉલેચવા ભરઉનાળે પાણી કાઢી પોતે માટી ઉલેચી રહ્યા છે. જેને લઇ સમગ્ર જિલ્લામાં હોબાળો મચ્યો છે. ત્યારે આ સંદર્ભે વલસાડ જિલ્લા કલેક્ટર સત્વરે પગલાં ભરે એ જરૂરી બન્યું છે.

# DGVCL કંપની દ્વારા નવીન નવસારી સર્કલ બનાવવાની માંગ સાથે આવેદનપત્ર

**નવસારી** સીટી અને રૂરલ ડીવીઝન સહીત સબ-ડીવીઝનના સ્ટાફને વલસાડમાંથી તબદીલ કરી સુરત સીટી સર્કલમાં સમાવેશ કર્યો હતો

નવસારી : નવસારી સીટી ડીવીઝન અને નવસારી રૂરલ ડીવીઝન સહીત તેના સબ ડીવીઝનના સ્ટાફને વલસાડ સર્કલમાંથી તબદીલ કરી સુરત સીટી સર્કલમાં સમાવેશ કરવાને બદલે નવીન નવસારી સર્કલ બનાવવાની માંગ કરી અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા રાજ્યના નાણા, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સના મંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા રાજ્યના નાણા મંત્રીને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ડીજીવીસીએલ કંપનીના વહીવટી તંત્ર દ્વારા નવસારી સીટી ડીવીઝન અને નવસારી રૂરલ ડીવીઝન સહીત બંને ડીવીઝનના તાબાના તમામ સબ-ડીવીઝનોના 4 લાખ ગ્રાહકો અને કર્મચારીઓ સહીત તેને વલસાડ સર્કલમાંથી તબદીલ કરી સુરત સીટી સર્કલમાં સમાવેશ કર્યો છે. દક્ષિણ ગુજરાતનો સુરત જિલ્લો હાલમાં સૌથી મોટો પ્રગતિશીલ જિલ્લો છે. સુરત સીટી સર્કલ હેઠળ આશરે 9.50 લાખથી વધુ ગ્રાહકો અને એચ.ટી. ગ્રાહકો આશરે 1300 થી વધુ છે. તેમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરતની આજુબાજુના વિસ્તારોનું ડેવલોપિંગ ચાલી રહ્યું છે. આ પરિસ્થિતિમાં નવસારી સીટી ડીવીઝન અને નવસારી રૂરલ ડીવીઝન સહીત તેમના તાબાના તમામ સબ-ડીવીઝનના ગ્રાહકો મળીને આશરે 4 લાખથી વધુ અને એચ.ટી. ગ્રાહકો આશરે 200થી વધુ તેમજ આશરે 650 જેટલો સ્ટાફને વલસાડ સર્કલમાંથી તબદીલ કરી સુરત સીટી સર્કલમાં સમાવેશ કરતા સુરત સીટી સર્કલ પર અનેક ગણો ભાર વધી જશે. જેના કારણે કંપનીના ગ્રાહકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આવી પરિસ્થિતિઓને પહોંચી વળવા સુરત રૂરલ, સુરત સીટી અને વલસાડ સર્કલ ત્રણેય સર્કલોમાંથી નવસારીની નજીકના બારડોલી કે ચીખલી કે વલસાડના વિસ્તારોનો સમાવેશ કરી નવીન નવસારી સર્કલ બનાવવા વિચારના કરવામાં આવે તેવી માંગ કરી છે.

# વાપીની ભીલાડવાળા બેંકમાંથી કાર લોન લેનારનો ચેક રિટર્ન થતા ૧૦ માસની સજા

**ચેકની** રકમ વળતર તરીકે બેંકને ચૂકવી આપવી વાપીની કોર્ટનો હુકમ

## ચેક રિટર્નના ૪૬ પાનાંના હુકમમાં જજે ટકોર કરી

ચેક રિટર્ન કેસના ૪૬ પાનાંના હુકમમાં વાપીની એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ આઈ.આઈ.પઠાણની કોર્ટે એવી ટકોર કરી છે કે, ‘ ’આ કામે જોઈએ તો નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના કાયદાનો હેતુ ચેકના વ્યવહારને સલામતી પુરી પાડવાનો અને ચેક આપી લોકોની સાથે ચીટીંગ અને છેતરપિંડી ન થાય તે હેતુ છે અને આરોપીએ આચરેલો ગુનો આર્થિક ગુનો છે. જેના કારણે દેશની ઇકોનોમીને એડવર્સલી અફેક્ટ કરે છે અને આરોપી હેબીચ્યુઅલ છે જેથી કેસના તમામ સંજોગો વિગેરે લક્ષમાં લઈ હુકમ કરવા પ્રેરાઉ છું.

વાપી : સરદાર ભીલાડવાળા પારડી પીપલ્સ કો.ઓપ. બેંકની વાપી કોપરલી રોડ શાખામાંથી કાર માટે લોન લેનારનો ચેક રિટર્ન થતા વાપીની કોર્ટે ૧૦ માસની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ રૂપિયા ૧,૦૬,૮૨૯ વળતર તરીકે બેંકને ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે ઉમરગામના વલવાડમાં રહેતા રાજેન્દ્રકુમાર ખંડુભાઈ દેસાઈએ કાર લેવા માટે સરદાર ભીલાડવાળા પારડી પીપલ્સ કો.ઓપ.બેંકની વાપી સ્થિત કોપરલી રોડ શાખામાંથી રૂપિયા ૭,૯૦,૦૦૦ની ૧૦ ટકાના વ્યાજથી લોન લીધી હતી. રૂપિયા ૧૩,૧૬૭નો માસિક એક એવા કુલ ૬૦ હપ્તા ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. લોનની રકમ શરત પ્રમાણે નહીં ચૂકવતા બાકી રકમનો રૂપિયા ૧,૦૬,૮૨૯નો ચેક આપ્યો હતો. આ ચેક ઈનસફીશીયન્ટ ફંડઝના શેરા સાથે પરત થયો હતો. આ અંગે બેંક દ્વારા કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસ ચાલતા મંગળવારે વાપીની એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ આઈ.આઈ.પઠાણની કોર્ટે આરોપી રાજેન્દ્રકુમાર ખંડુભાઈ દેસાઈને આ ગુનામાં તકસીરવાર ઠરાવીને ૧૦ માસની સાદી કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો. તેમજ ચેકની રકમ રૂપિયા ૧,૦૬,૮૨૯ ફરિયાદી બેંકને વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.


# વાપીમાં ચેક રિટર્ન કેસમાં પારડીના આરોપીને 10 માસની સાદી કેદની સજા

વાપી : વાપીના એક ઈન્ડસ્ટ્રીયલ લિફ્ટ મટિરિયલ્સના વેપારીએ પારડીના એક ઈસમને ઉધારીમાં માલ આપ્યો હતો. જે અંગે આ ઈસમે વેપારીને રૂપિયા 1,97,945નો ચેક આપ્યો હતો. જે ચેક વેપારીએ પોતાની બેંકમાં નાંખતા પૂરતુ ફંડ ન હોવાને લીધે રિટર્ન થયો હતો. જે અંગે વેપારીએ પારડીના ઈસમ વિરૂધ્ધ વાપી કોર્ટમાં ફરિયાદ કરી હતી.

જે અંગેની સુનાવણી મંગળવારે હાથ ધરાતા વાપી કોર્ટના જજ આઈ.આઈ.પઠાણ એડિશનલ ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટે પારડીના ઈસમને 10 માસની સાદી કેદની સજા અને રૂપિયા 1,49,801 પૂરા વળતર પેટે વેપારીને ચૂકવી આપવા હુકમ કર્યો હતો. વાપીના જે.કે.ક્રાસટેરસ ઈન્ડસ્ટ્રીઝના મહેશ ગુસાભાઈ કામળીયાએ દમણ હાઈડ્રોલીકના મૈત્રી રાજેન્દ્ર પટેલ (રહે. પારડી)ને ઈન્ડસ્ટ્રીયલ લીફ્ટને લગતો સામાન જુદા જુદા બીલ બનાવી વેચાણ અર્થે આપ્યો હતો.

આ તમામ બીલ પેટે કુલ રૂપિયા 1,49,801ના ચાર ચેક આપ્યા હતા. આ ચેક મહેશ કામળીયાએ પોતાની બેંકમાં નાંખતા જે તમામ ચેક પૂરતું ભંડોળ ન હોવાના શેરા સાથે રિટર્ન થતા મહેશ કામળીયાએ મૈત્રી પટેલ વિરૂદ્ધ વાપી કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી દરમિયાન નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ પારડીના મૈત્રી પટેલને 10 માસની સાદી કેદની સજા અને રૂપિયા 1,49,801 વેપારીને વળતર પેટે ચૂકવી આપવા વાપી કોર્ટના જજે હુકમ કર્યો હતો.

## સાપુતારામાં સૂર્યોદય અને સુર્યાસ્તનાં સમયે ખીલી ઉઠતું કુદરતી સૌંદર્ય


ગિરીશ ભોયે

■ સાપુતારા : રાજ્યમાં હિટવેવનાં પગલે સતત ગરમીનું પ્રમાણ વધી રહ્યુ છે. તેવામાં ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતેનાં જોવાલાયક સ્થળોએ સવાર અને સાંજનાં સુમારે દ્રશ્યો કંઈક અલગ જ પ્રતિત થઈ રહ્યા છે. હાલમાં ગિરિમથક સાપુતારાનાં હાર્દસમા સર્પગંગા તળાવની ઉપર સવારનાં અરસામાં સૂર્યોદય અને સાંજના અરસામાં સૂર્યાસ્તનાં દ્રશ્યો મનમોહક બન્યા છે. સાપુતારામાં સૂર્યોદય અને સુર્યાસ્તનાં દ્રશ્યો ઠંડકતાની સાથે પ્રવાસીઓમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે.

# ડાંગ જિલ્લાના વાંકી ગામની ૬૫ વર્ષીય વૃધ્ધા ગુમ થઈ

સાપુતારા : ડાંગના પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા તરફથી મળેલી એક અખબારી યાદી અનુસાર, ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનમા સમાવિષ્ટ વાંકી ગામની ૬૫ વર્ષીય વૃધ્ધા ગુમ થયેલી છે. ગુમ થનાર ગંગીબેન પવાર દેખાવે ઘંઉ વર્ણ, શરીરે લીલા રંગની સાડી પહેરેલી છે. તેઓ ગુજરાતી અને ડાંગી ભાષાના જાણકાર છે. મંગીબેન પવાર જેઓ અસ્થિર મગજના હોઈ, કોઈને કહ્યા વગર જતાં રહ્યાં છે. ઉક્ત વર્ણનવાળી મહિલા જો કોઈને મળે તો, આહવાના પોલીસ કંટ્રોલરૂમ ૦૨૬૩૧-૨૨૦૩૨૨/ તથા આહવા પોલીસનો ૦૨૬૩૧-૨૨૦૩૩૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

# ચેકડેમ બનાવવામાં ઉપયોગમાં લેવાયેલા પથ્થરોના ભાગને હિટાચી મશીનથી તોડી પડાયા

**બોરખલ** નજીક બની રહેલા ચેકડેમમાં ઇજારદારે પથ્થરો નાખી ભ્રષ્ટાચાર આચરતા હોવાનો અહેવાલ પ્રસિદ્ધ થતા અધિકારીઓ દોડતા થયા


ગિરીશ ભોયે

ગુજરાતમિત્ર પઢો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં બોરખલ ગામ નજીક બની રહેલા ચેકડેમમાં ઇજારદાર દ્વારા ગેરરીતિ આચરી નિમ્ન કક્ષાનું કામ કરવામાં આવી રહ્યાના અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થતા અધિકારીઓ દોડતા થયા હતા અને કામ કરનાર એજન્સી સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.

મળતી માહિતી મુજબ આહવા તાલુકાના ટેબ્રુનઘરટા અને બોરખલ નજીક ખાપરી નદીના પટ્ટમાં દમણ ગંગા વિભાગ દ્વારા ચેકડેમનું બાંધકામ કરવામાં આવી રહ્યું હતુ. પરંતુ ઈજારદાર દ્વારા નદીનાં પથ્થરો (રબ્બલ)નો બેફામ ઉપયોગ કરી વ્યાપક ગોબાચારી આચરવામાં આવતી હોવાની સ્થાનિકોમાં ફરિયાદ ઉઠી હતી. ચેકડેમ બનાવનાર ઇજારદારે ઉતારેલી વેઠને બંધ કરાવી પથ્થરો નાખેલા કોન્ક્રીટને તોડવાની માંગ સાથે અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ કરાયા હતા. આ અહેવાલને પગલે કાર્યપાલક ઇજનેર રાજુભાઈ ભોયેએ ડેમની મુલાકાત લીધી હતી. અને હીટાચી મશીન વડે ખોદકામ કરી પથ્થરો દૂર કરી એજન્સી સામે પણ કડક કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યુ છે.

# ધરમપુરના સુલીયા ડુંગર ઉપર ખ્રિસ્તી સમાજના ક્રોસને હટાવવાની હિલચાલ સામે રોષ

**આદિવાસી** સમાજે વિશાળ રેલી કાઢી નાયબ કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યુ


આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકાના મોટી કોરવડ ગામે સુલીયા ડુંગર ઉપર આવેલા ખ્રિસ્તી સમાજના આસ્થાના પ્રતિક ક્રોસને હટાવવા તંત્રની હિલચાલ સામે આદિવાસી સમાજના આગેવાન તથા તા.પં.ના સભ્ય કલ્પેશ પટેલ, આદિવાસી સમાજના પ્રમુખ યોગેશ પટેલ, સોનગઢ તા.પં.ના માજી પ્રમુખ યુસુભ ગામીતની આગેવાનીમાં વિશાળ રેલી ધરમપુરના આસુરા વાવ બિરસા મુંડા સર્કલ પાસેથી નિકળી હતી.

જેમાં હજારોની સંખ્યામાં નગરના વાલોડ ફળીયા થઈ માછીવાડ મિનારા મસ્જીદ, ડેપો થઇ મામલતદાર કચેરી ખાતે પહોંચી હતી. જ્યાં નાયબ કલેક્ટર અમિત ચૌધરીને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. જેમાં જણાવ્યું હતું કે, ભારત બિન સાંપ્રદાયિક દેશ છે, સંવિધાનમાં ભાગ 3 અનુચ્છેદ 25 મુજબ કોઈપણ ધર્મ પાળવાની કે પ્રચાર કરવાની સ્વતંત્રતા છે તેમજ 26 ધાર્મિક બાબતો મુદે વહીવટ કરવાનું અને 27 અનુચ્છેદ મુજબ કોઈ ખાસ ધર્મની અભિવ્યક્તિ માટે ભરવાના કર અંગે સ્વતંત્રતા અનુચ્છેદ 28 માં અમુક શિક્ષણ સંસ્થા ઓમાં ધાર્મિક શિક્ષણ આપવાના અધિકાર મળેલાં છે. જ્યાં તમામ લોકોને કોઈપણ ધર્મ પાળવાની છુટ એ દેશના ઘડવૈયા ડો. બાબા આંબેડકરે છુટ આપી છે. આદિવાસી સમાજના લોકો બધા ધર્મ પાળે છે. છતાં એક જ ધર્મને કેમ ટારગેટ કરવામાં આવે છે.? આ બાબતે તંત્રને આગેવાનો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. ખ્રિસ્તી ધર્મના આ ક્રોસ બાબતે સ્થાનિક ગામ પંચાયત કે સ્થાનિક રહીશોને કોઈ વાંધો નથી, તો ખોટી રીતે લોકોને હેરાન કરવામાં આવે છે. આ બાબતે કલેક્ટર, પ્રાંત કલેક્ટર, તાલુકા આરએફઓ અને ધરમપુર પોલીસ મથકે જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં પારો ગગડતા લોકોને ગરમીથી રાહત

નવસારી : 6 દિવસ અગાઉ નવસારી ભઠ્ઠીમાં શેકાયા બાદ 4 દિવસમાં ગરમીનો પારો 8 ડિગ્રી કરતા વધુ ગગડતા લોકોને ગરમીથી રાહત મળી હતી. પરંતુ ત્યારબાદ 2 દિવસમાં ફરી ગરમીનો પારો વધતા નવસારીમાં ગરમી વધી હતી. જોકે આજે ગરમીનો પારો અડધો ડિગ્રી ગગડ્યો છે. લઘુત્તમ તાપમાન પણ 2 ડિગ્રી ગગડતા બફારાથી રાહત મળી હતી. નવસારીમાં ગત 8મીએ ગરમીનો પારો 41.5 ડિગ્રી નોંધાતા સિઝનનો સૌથી ગરમ દિવસ સાથે રેકોર્ડ બ્રેક ગરમી રહી હતી. જોકે ત્યારબાદના 4 દિવસ સુધી ગરમીનો પારો 8.8 ડિગ્રી ગગડ્યો હતો. ગત 2 દિવસમાં નવસારીમાં ગરમીનો પારો 5 ડિગ્રી વધ્યો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન સતત ગગડતા 5 ડિગ્રી ગગડ્યો છે. આજે નવસારીમાં ગરમીનો પારો અડધો ડિગ્રી ગગડ્યું છે. સાથે જ લઘુત્તમ તાપમાન 2 ડિગ્રી ગગડ્યું છે. મંગળવારે નવસારીમાં ગરમીનો પારો 0.5 ડિગ્રી ગગડતા 37 ડિગ્રી નોંધાયું છે. જોકે લઘુત્તમ તાપમાન 2 ડિગ્રી ગગડતા 20 ડિગ્રી નોંધાયું છે. મંગળવારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 90 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 31 ટકા જેટલું નીચું રહ્યું હતું.

### નવસારી મનપાની શાળાઓમાં પ્રથમ સત્ર શરૂ થતા જ વિદ્યાર્થીઓને નોટબુક, કંપાસ અને બુટ આપવા માંગ

નવસારી : નવસારી મનપા વિસ્તારની સરકારી શાળાઓમાં પ્રથમ સત્ર શરૂ થતા જ વિદ્યાર્થીઓને નોટબુક, કંપાસ અને બુટ આપવા માંગ કરી પૂર્વ નગરસેવકે નવસારી મનપાના કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે. નવસારીના પૂર્વ નગરસેવક વિજયભાઈ રાઠોડે નવસારી મહાનગરપાલિકાના કમિશનરને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યું હતું કે, નવસારી મહાનગરપાલિકા વિસ્તારની તમામ સરકારી શાળાઓમાં નોટબુક, કંપાસ બોક્ષ અને બુટ વર્ષ 2025 ના જુન મહિનાનું પહેલુ સત્ર શરૂ થાય તે દિવસે જો શૈક્ષણિક કીટ વિદ્યાર્થીઓને મળી રહે તો ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓને આર્થિક બોજો સહન ન કરવો પડે. અને વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય પણ સુચારુ રૂપથી ચાલુ થાય માટે સમયસર શૈક્ષણિક કીટ મળી રહે તેવી માંગ કરવામાં આવી છે.

### અતુલમાં સિનિયર સીટીઝન્સ માટે પ્રોગ્રામનું આયોજન



વલસાડ : અતુલ ગ્રામપંચાયત હોલમાં ગામનાં સિનિયર સીટીઝન્સ માટે એક પ્રોગ્રામનું આયોજન અતુલ કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. હરકિશન પ્રજાપતિ કે જે કંપનીમાં અને વિવિધ આઈટીઆઈમાં એક ટ્રેનર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ઘણા સિનિયર સીટીઝન્સનાં ગ્રુપ સાથે જોડાયેલા છે. તેમણે હાજર રહેલા વડીલોને સરળ ભાષામાં નવરાત્રીની સમજ આપી હતી. રવિન્દ્રભાઈ આહીર કે જેઓ હાલ નિવૃત્ત છે, આધ્યાત્મિકતા સાથે જોડાયેલા છે. તેમણે આપણી ભારતીય સંસ્કૃતિ અને હવે પછીની પેઢીને વડીલો દ્વારા કેવા સંસ્કાર આપવા તે અંગે વક્તવ્ય આપ્યું હતું. અતુલ કંપની દ્વારા સૌને માટે નાસ્તા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### વાપીમાં સર્વાઈકલ કેન્સર નિવારણ માટે શિબિર યોજાઇ



વાપી : મેડીમિત્ર દ્વારા સર્વાઈકલ કેન્સર નિવારણ માટે વાપીના પ્રમુખ ગ્રીન્સ ક્લબ હાઉસમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજાયેલ ચોથા કેમ્પમાં મોટી સંખ્યમાં બહેનો ઉપસ્થિત રહી હતી અને 175 ડોઝ આપવામાં આવ્યા હતાં. સેલવાસના સ્વામિનારાયણ મંદિરના સ્વામી ચિન્મયદાસજી મુખ્ય મહેમાન તરીકે શિબિરમાં પહોંચ્યા હતાં. શિબિરના પ્રાયોજકો મેંગો એર કોલર્સ, ભીકમચંદજી, સ્વ. ગુલાબજી અને પવનજી બેડે હતા. આ પ્રસંગે સ્વામીજીએ મેડિમિત્રના જનકલ્યાણ કાર્યની પ્રશંસા સ્વામી દ્વારા કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં મેડિમિત્રાએ સર્વાઇકલ કેન્સરને રોકવા માટે 700 થી વધુ રસીઓ આપી છે. લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે અને વધુમાં વધુ લોકો તેનો લાભ લે તેવા પ્રયાસો થઈ રહ્યા છે.

### ચીખલી એજ્યુકેશન સોસાયટીના ચેરમેન તરીકે ફરીવાર ચેતન દેસાઈની બિનહરીફ વરણી


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીમાં ચીખલી એજ્યુકેશન સોસાયટી દ્વારા નવી પ્રાથમિક શાળા, ઇટાલીયા હાઇસ્કુલ, આઈટીઆઈનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ સંસ્થાની યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં આગામી ત્રણ વર્ષની ટર્મ માટે ચેરમેન પદ માટે ચેતનભાઇ દેસાઈની દરખાસ્ત નીલકંઠભાઇ દેસાઈએ કરતા તેમને ટેકો ચિતવનભાઈ દેસાઈ જ્યારે મંત્રી પદ માટે નીલકંઠભાઈ દેસાઇની દરખાસ્ત ચેતનભાઇએ તો ટેકો જિહન દેસાઇએ જાહેર કરતા અને બીજી કોઇ દરખાસ્ત ન આવતા ચેરમેન અને મંત્રી બંને હોદ્દેદારોની બિનહરીફ વરણી થઈ હતી. બેઠકમાં ઉપસ્થિત સંસ્થાના ડો.શરદભાઇ પટેલ, જયેશભાઇ દેસાઇ, કલ્પેશભાઇ દેસાઇ, ધર્મેશભાઇ કાપડિયા, હીમાશુંભાઈ સુખડીયા, શૈલેષભાઇ ઘેજ, પ્રભુદાસ વિથ્થલાણી, વિશાલ દેસાઇ સહિતના સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી. સતત ત્રીજી ટર્મ માટે ચેરમેન પદે વરાયેલા ચેતનભાઇ દેસાઇએ તેમના પર વિશ્વાસ મૂકી ફરી જવાબદારી સોંપવા માટે સભ્યોને બિરદાવતા જણાવ્યું હતું કે આગામી સમયમાં અંગ્રેજી માધ્યમના સીબીએસસી બોર્ડના કોષો શરૂ કરવામાં આવશે અને સરકારના અભિગમ મુજબ ડિજિટલ શિક્ષણનો પણ વ્યાપ વધારવામાં આવશે. સંસ્થાના તમામને સાથે લઈને પારદર્શક વહીવટ કરવામાં આવી રહ્યો છે. તેમ ઉમેર્યું હતું.

### વલસાડ-બાંદ્રા લોકલ ટ્રેન પુન: શરૂ કરવા સાંસદની રેલવેમંત્રીને રાવ

વલસાડ : લોકસભાના દંડક તેમજ વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખી સાંજે 4:55 કલાકે ઉપડતી વલસાડ-બાંદ્રા લોકલ ટ્રેનને પુન: શરૂ કરવા રજૂઆત કરી છે. આજના દિવસોમાં અપ ડાઉન કરતા ટ્રેનના મુસાફરોનો સમય અને પ્રવાસમાં સારી સુવિધા મળી રહે તે માટે વલસાડ-બ્રાંદ્રા ટ્રેન ફરીથી શરૂ કરવા માંગ કરી છે. વલસાડ સ્ટેશન પ્રવાસીઓના ધસારા સાથે વલસાડ કેપીટલ ટાઉન હોવાથી વંદે ભારત ટ્રેન તેમજ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજ માટે પણ તેમણે રેલ મંત્રીને ખાસ વિનંતી કરી છે.